**આંક–૧ લગત હુકમ**

(૧) અરજદારની અરજી વંચાણે લીધી.અરજીની સાથે રજુ કરવામાં આવેલ બેંક ખાતાનાં પાસબુકની નકલ, સાયબર ક્રાઇમ ફરીયાદની નકલ વિગેરે દસ્તાવેજો ધ્યાને લીધા.

(૨) અરજદારના વકીલ શ્રીએ મુદદામાલ અરજી સંદર્ભે દલીલ કરેલ છે કે, આ કામના અરજદારના એક્ષીસ બેંક ભરૂચ શાખાના ખાતા નં.૯૨૩૦૧૦૦૧૮૬૧ ૦૦૨૭માંથી તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ રૂ.૧૦,૦૦૦/– ઉપડી ગયેલ હતા જેની ફરીયાદ અરજદાર ધ્વારા સાયબર ક્રાઇમમાં કમ્પલેઇન નં.૨૧૧૧ ૨૨૫૦૦૩૫૦૫૯ થી તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ નોંધાયેલી. સદર રકમ બાબતે પોલીસ ધ્વારા જાણ થયેલી કે સદર નાણાં ફ્રિઝ કરવામાં આવેલા છે. આથી તે પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

(૩) ઉપરોકત હકીકતો મુજબની અરજી દાખલ થતા આ કામે ફરીયાદીએ કરેલ ફરીયાદ લગતનો પોલીસ અભિપ્રાય મંગાવવા હુકમ થયેલ જે અભિપ્રાય આ કામે આંક–જથી રજુ છે. જે અભિપ્રાય મુજબ આ સાયબર અરજી એકનોલેજમેન્ટ નં.૨૧૧૧૨૨૫૦૦૩૫૦૫૯ વાળી બાબતે તપાસ કરતા સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ સી.આઇ.ડી. ક્રાઇમ ગાંધીનગર ધ્વારા અરજદારના ઉપડી ગયેલ રૂપિયા શંકમદ વ્યકિતના ખાતામાં પડેલા છે. જે બાબતે તે ખાતાઓ સીઝ કર્યા બાદ શંકાસ્પદ ખાતા ધારકને ઈ–મેઈલ કરી જાણ કરવા છતાં તે બાબતે કોઈ વ્યકિતએ વાંધા તકરાર લીધેલ નથી. આથી સીઝ કરેલ મુદદામાલ રકમ અરજદારને સોંપવા અભિપ્રાય આપેલ છે. અભિપ્રાય સાથે ઝઘડીયા પો.સ્ટે ધ્વારા સીઝ કરેલ રકમની વિગત અલગ કોષ્ટકથી રજુ રાખવામાં આવેલ છે.

(૪) ઉપરોકત હકીકતો એ અરજદારની અરજી, પોલીસ અભિપ્રાય વિગેરે ધ્યાને લેતાં ફ્રિઝ થયેલ મુદદામાલ રકમ અરજદાર પરત મેળવવા હકકદાર હોવાનુ જણાતુ હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

અરજદાર ચૌહાણ નરેનકુમાર બાલુભાઈ રહે.સાઈ મંદિર સામે, તા.ઝઘડીયાનાઓને પોલીસ અભિપ્રાય સાથે સામેલ કોષ્ટક મુજબની મુદદામાલ ફ્રિઝ કરેલ રકમ અરજદારના એક્ષીસ બેંક ભરૂચ શાખાના ખાતા નં.૯૨૩૦૧૦૦૧૮૬૧૦૦૨૭ માં ટ્રન્સફર કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-// શરતો //-**

(૧) અરજદારે મુદદામાલ બાબતે નામદાર કોર્ટ અગર પોલીસ જયારે અને જયા ફરમાવે ત્યારે અને ત્યાં અચુક રજુ કરવાનું રહેશે.

(૨) આ હુકમની એક નકલ અમલવારી માટે સંબંધીત પોલીસ સ્ટેશને મોકલવી અને હુકમનું પાલન કરી દિન ૧૦ માં અત્રેની કોર્ટની રિપોર્ટ કરવો.

(૩) આ કામે ફ્રિઝ કરેલ રકમ અંગેનું પોલીસ અભિપ્રાય સાથે સામેલ કોષ્ટકની નકલ હુકમ સાથે સામેલ રાખવી.

આ હુકમ આજરોજ તા.૧૩, માહે.ઓગષ્ટ, સને.૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

**તારીખ.૧૩/૦૮/૨૦૨૬**
**સ્થળ. ઝઘડીયા**

**(ઈ.આર.ક્ષત્રિય)**
**એડી.ચીફ.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**ઝઘડીયા**
**યુનિક જજ કો.જી.જે-૦૧૧૯૭**